ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૭ ❑ માર્ચ - ૨૦૧૫ ❑ અંક : ૪૧૩

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

લવાજમ : પગથાર ❖ પેટ્રન-આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી, ડૉ. મસ્કરન્સ વાડી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## જયંતિભાઈ "ઝંડુ"



### સ્વ.જયંતિભાઈ મગનલાલ જોષી

**માણસ જેવો માણસ ઘડીમાં ધૂમાડો થઈ જાય તે જેવી તેવી વાત નથી**

સેવાપરાયણતા, નિખાલતા અને માનવીય સંવેદના જેમની આજીવન ઓળખ રહી એ જયંતિલાલ મગનલાલ જોષી, હવે આપણી વચ્ચે એક યાદ બનીને રહ્યા છે. તેમનો પાર્થીવ દેહ દાવડની ભાગોળે તા.૨૩-૨-૨૦૧૫ના રોજ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયો છે.

'પગથાર' સામયિક પ્રગટ કરવા માટે જયંતિલાલ *Chartered Members* (સ્થાપક સભ્ય) હતા એ વખતના પાયાના કાર્યકરોમાં જોશ અને જુસ્સો ભરવા ઉદ્દિપનનું કાર્ય તેમણે કર્યુ હતું. અદ્દના સ્વજન, નિર્મળ અને નિસ્વાર્થ સામાજીક કાર્યકર અને લાગણી સભળ સ્વજન તરીકે એ સદા યાદ રહેશે. 'પગથાર' માર્ચ ૧૯૬૯માં પ્રથમ અંક પ્રગટ થયો ત્યારથી તેઓ વ્યવસ્થાપક તરીકે સંકળાયેલા હતા. પગથારના આ પ્રારંભના દિવસે ખૂબ કટોકટીના હતા અને ત્યારે જયંતિલાલ કુશળ નાવિક રહ્યા. 'પગથાર' ના ઉપક્રમે યોજેલ પ્રથમ સ્નેહસંમેલનના કુશળ ઘડવૈયા પણ હતા. એ પછી હિંમતનગર અને અમદાવાદમાં 'પગથાર' ના ઉપક્રમે યોજાયેલ સ્નેહ સંમેલનોમાં જયંતિભાઈએ મુલ્યવાન ફાળો આપ્યો હતો.

અન્યને સદા મદદરૂપ કેમ થઈ શકાય એવી સતત ચિંતા-કામના જયંતિલાલમાં હતી. એ કામનાથી જ **સર્જન-પગથાર**ને તેમણે સિંચન કર્યું છે આપણા ગામડાઓમાં રહેતા પરિવારો પ્રત્યે તેમને સવિશેષ સંવેદના હતી. સર્જન યુવક સંઘના નોટબુકોના અને સમુહના અવસરોમાંની એમની સેવા અનોખી અને સંવેદનાભરી હતી. આ સમુહના અવસરોમાં ભોજન વ્યવસ્થા અને કુશળતાની સુગંધ આજે પણ અનુભવાય છે.

હસમુખ ચહેરાથી હસતા હસતા કડવી વાતો તેઓ મોઢા મોઢ સહેલાઈથી કરતા એ ખૂબ એન્ટરટેઈનર પણ હતા. સાહિત્ય રસીક જયંતિલાલમાં ભારોભાર નેતૃત્વના ગુણ હતા. એ અજાતશત્રુ હતા. જયંતિલાલ અને શ્રી મહેશભાઈ છોટાલાલ જોષીમાં જુગલબંધી હતી. દાવડમાંના બ્રાહ્મણોના બ્રાહ્મણ પંચની વાડીના છેલ્લા કેટલાય વર્ષથી તેઓ સુગ્રહીત વહીવટદાર હતા. દાવડના બ્રાહ્મણ પંચની વાડીનો આવો સુગ્રહીત વહીવટ ક્યારેય થયો નથી.


સહકાર ✻ સંપ ✻ સંગઠન

પગથાર

[ ત્રિમાસિક ]

તંત્રી : સુરેન ઠાકર ★ સંપાદક : ચન્દ્રેશ જાની ★ સહતંત્રી : અશોક જોષી

કાર્યાલય : ૩૧૮, જોષી બંગલો, સરદાર પટેલ રોડ, રોકડિયા લેન, બોરીવલી, મુંબઇ - ૯૨.

અંક : ૧ ] તા. ૧ માર્ચ ૧૯૬૯ [ વર્ષ : ૧

વાર્ષિક લવાજમ : રૂા. ૩/-

કોષાધ્યક્ષ : મહેશ જોષી  વ્યવસ્થાપક : અનંત જાની  વ્યવસ્થાપક : જયંતી જોષી

દવાઓના વેપારીને ત્યાં તેમણે નોકરી અને વ્યવસાય કર્યો છે અને આ અનુભવથીજ જયંતિલાલ આયુર્વેદ દવાઓના વિશારદ હતા અને એટલેજ જયંતિલાલ 'ઝંડુ' તરીકે આજીવન ઓળખાયા. જીવનના પ્રારંભીક વર્ષોથીજ કઠનાઈભરી મુશ્કેલીઓ અને પડકારો અનુભવતા રહ્યા છે અને પ્રત્યેકપળે એ ઝઝુમતા જ રહ્યા છે છતાં એક મુઠી ઉચેરા સજ્જન તરીકેની આગવી ઓળખ તે પ્રસ્થાપિત કરી શક્યા છે એમ છતાં જયંતિલાલને શરીરે અપેક્ષિત સાથ ન આપ્યો એ એમની મોટી વિટંબણા છે. તેમના સંઘર્ષયુક્ત જીવનયાત્રામાં પણ તેમણે સેવાપરાયણતાનો માર્ગ ન છોડયો આ એમની વિશેષ ઓળખ છે આ સાથે પારીવારીક જવાબદારીઓ નીભાવવામાં પણ તેઓ લગીરે ઉણા ઉતર્યા નથી આ એક વાસ્તવિકતા છે.

સમાજટ્રસ્ટ સાથે પણ તેઓ સંકળાયેલા હતા. સંવત ૨૦૩૦ના કાર્યવાહક મંડળમાં તેઓ સંકળાયેલા હતા અને ભવનનીરીક્ષક તરીકે તેમણે સેવા આપી છે. મુંબઈથી વિદ્યાર્થીભવન હિંમતનગર ફેરવવામાં હિંમતનગરના આપણા ભાઈ-બહેનોના તેઓ અગ્રણી હતા અને આ છાત્રાલયના ગઠન માટે તેમણે મુલ્યવાન યોગદાન આપ્યું છે ત્યારે હિંમતનગરના વિદ્યાર્થીભવનમાં મોટી સંખ્યામાં સંકળાયા હતા. સંગઠનની આ આગવી પ્રતિભા હતી. ગણેશના એ ખાસ ઉપાસક હતા. સિધ્ધિવિનાયકના એ પરમભક્ત હતા. મુંબઈમાં અને પછી દાવડમાં સિધ્ધિવિનાયકના ઉપાસક અને સ્તવનકાર હતા.

જીંદગીનો એજ સાચે સાચ પડઘો છે 'ગની'
હોયના વ્યક્તિને એનું નામ બોલાયા કરે

આત્મા અવ્યક્તમાંથી આવે છે, વ્યક્ત થાય છે નામધારણ કરે છે. કર્મો અનુસાર જીવન જીવે છે સમાજમાં યોગદાન આપે છે અને ઈશ્વર નિમિત્ત સમય પૂરો થતા ફરી અવ્યક્ત થઈ જાય છે આ રહસ્ય આજસુધી ઉકેલાયું નથી, જયંતિલાલ એક જીવંત વ્યક્તિત્વ હતુ, એને મળવામાં હંમેશ આનંદ થતો.

*Wish you all best of*
**LUCK**
*in your Examinations*
**- Shri Sarjan Yuvak Sangh - Pagthar**

## પ્રભાતના પુષ્પ

અમારી ફૂલવાડીમાં તમારે પ્રવેશ કરવો નથી અને બહાર ઊભા રહીને એના માળી હોવાનો દાવો કરવો છે. કાંટાઓનો તમને ડર લાગે છે અને ગુલાબ ચૂંટવા છે એવી અભિલાષાઓ સેવવી છે.

મંદિરનું એક પગથિયું ચડવું નથી અને ટોચ પર બિરાજેલી મૂર્તિનાં દર્શન પામીને ધન્ય થવું એવી તમારી ઈચ્છા છે. ક્ષમા કરજો, પણ મારે સત્ય જણાવી દેવું જોઈએ કે જીવનભર તમે જ્યાં ઊભા છો ત્યાં જ ઊભા રહેશો અને આજે જે જુવાનીનું તેજ તમારા ચહેરા પર દેખાય છે ત્યાં થોડા વખતમાં જ જરાના-ઘડપણના પડછાયા છવાઈ જશે.

જાણો છો ? જુવાની એની જ ટકી રહે છે, જેનામાં આગળ વધવાની સદા તમન્ના રહે છે.

- **વજુ કોટક** (લેખકના સંગ્રહ 'પ્રભાતના પુષ્પો'માંથી)

## 'કશું પણ મૂલ્યવાન મેળવવાનો કોઈ શૉર્ટ કટ નથી'

શુભ પ્રસંગે દીવો પ્રગટાવવાની આપણી સંસ્કૃતિ છે, મીણબત્તી ઓલવવાની નહીં. વર્ષગાંઠે કેક પર જલતી મીણબત્તીને ફૂંક મારીને અંધારું કરી નાખવાને બદલે, વીતેલાં વર્ષોને જીવનમાંથી દૂર કરી નાખવાને બદલે દીપ પ્રાગટય કરીને જીવનના નવા વર્ષને આવકારવું જોઈએ.

દરેક ક્ષણે માણસ મૃત્યુ તરફ આગળ વધે છે એ વાત સાચી. પણ એય એટલું સાચું કે એક ક્ષણ પૂરી થતાં જ ભગવાન તમને એક નવીનક્કોર ક્ષણની ભેટ આપે છે. એ પછી તરત જ બીજી ક્ષણની ભેટ આપે છે. આવતી કાલે સૂરજ ઊગતાંની સાથે જ તમારા હાથમાં ત્રીસમી ઑક્ટોબરનો એક આખો દિવસ ગિફ્ટરૅપ થઈને મૂકવાનો છે. બેસતા વર્ષે એક આખા નવા વરસનું ગિફ્ટબૉક્સ તમને મળવાનું છે. જિંદગીમાંથી એક-એક ક્ષણ ઓછી થતી જાય છે એવું વિચારવાને બદલે હું દરેક ક્ષણે એક નવી ક્ષણની ભેટ પરનું રૅપર ખોલતો હોઉં એવો રોમાંચ મને થાય છે. મને ખાતરી છે મારા જીવનના અંત સુધી આવી અગણિત ભેટ મને રોમાંચિત કરવા માટે મળવાની છે, હું માગું કે ન માગું. ઉપરવાળો વગર કહ્યે મારી આટલી દરકાર રાખતો હોય પછી હું શું કામ એવા ડરમાં રહું કે રોજ મારા જીવનમાંથી એક-એક દિવસ ઓછો થતો જાય છે.

સોળ વર્ષના અમેરિકન બ્યુ બૉમને સેંકડો વ્યક્તિઓને પત્રો લખ્યા. કેટલાકના જવાબ ન આવ્યા, કેટલાકે વધુ સમય માગ્યો. કેટલાકે રિમાઈન્ડર પછી જવાબ આપ્યો. ન્યૂ યૉર્કના ટીવી ન્યૂઝરીડર મૅન રોલેન્ડે બે-ત્રણ વાત ટૂંકમાં અને ઝડપથી કહી દીધી. 'ક્યારેય અડધે આવીને કશું છોડી દેવું નહીં. સતત શીખતા રહેવું. કોઈની પીઠ પાછળ એનું ખરાબ બોલવું નહીં. યાદ રાખવું કે સારા મિત્રો સારા જીવન માટે અનિવાર્ય છે.'

કેનેડામાં રહેતી મૂળ ભારતીય એવી કોલેજિયન અપર્ણા ગુહાએ કહ્યું : 'બીજાઓ માટે સમભાવ રાખવો અને સામેની વ્યક્તિ જેવી છે એવી એને સ્વીકારી શકીએ એટલું ખુલ્લું દિમાગ રાખવું.' જર્મનીના આઈસ્ક્રીમની દુકાનની માલિક એરિકા ફિશ-ડિબિયાસિયરે કહે છે : 'જે મળ્યું છે તેનાથી સંતોષ માનવો અને એની કદર કરતાં રહેવું.' ટોરેન્ટોનિવાસી ડિસ્કજોકી જોશુઆ ગોલ્ડ કહે છે : 'દોસ્તો સાથે ક્યારેય બિઝનેસમાં પડવું નહીં' ન્યૂ યૉર્કની ક્રિસ્ટિના હૅન્સેન નામની સ્કૂલગર્લ કહે છે : 'પપ્પા-મમ્મીને મદદ કરવી.'

સીએનએન ન્યૂઝ ચૅનલના સ્થાપક ટેડ ટર્નરે કહ્યું : 'કોઈના પ્રશ્ન માટેના ઉકેલમાં ભાગીદાર થવું, એના માટેની સમસ્યામાં નહીં.' ઈંગ્લૅન્ડના હાસ્યુર જોયેલ સર્બએ કહ્યું, 'પરચૂરણ ગણી લેવું.'

ન્યૂયૉર્કના સોશ્યલ વર્કર સેબાસ્ટિયન મેટ્ઝ કહે : 'તાળીઓથી દોરવાઈ જવું નહીં.' સંગીતવાદક એડ પોલ્સર કહે છે : 'જિંદગીને આપણે જે આપીએ છીએ એ જ આપણને પાછું મળતું રહે છે.' ફ્લોરિડાના દૈનિક 'માયામી હેરલ્ડ' ના તંત્રી જેનેટ શુસ્મિર ચાર જ શબ્દોમાં કહે છે : 'તમારી મર્યાદા જાણી લો.'

ન્યૂયૉર્કથી પ્રગટ થતા વિખ્યાત ફૅશન મૅગેઝિન 'વેનિટી ફૅર' ના તંત્રી ગ્રેડન કાર્યરએ બે જ શબ્દમાં કહી દીધું : 'ફૅમિલી ફર્સ્ટ.' ન્યૂયૉર્કના આર્ટ ક્રિટિક અને લેખક ફીલમેન્ટ ગ્રીનબર્ગે કહ્યું : 'તમને જે કામ ગમતું હોય એમાંથી આજીવિકા મેળવો, જિંદગીભર તમારે ક્યારેય એક દિવસ પૂરતું પણ 'કામ' નહીં કરવું પડે.'

વિસ્કોન્સિનની હાર્લોડેવિસેન ઈન્કૉર્પોરેશન કંપનીના પ્રેસિડન્ટ વૉન લેરોય બિલ્સ ચાર નિયમ આપે છે : '૧. કામચોરી ન કરવું, બીજું કોઈ એની નોંધ લે કે ન લે, તમને તો ખબર પડવાની જ છે કે તમે કામચોરી કરી. ૨. બને એટલું વધારે ભણવું. બેઉ પ્રકારનું ભણવું. કૉલેજ-યુનિવર્સિટીમાં ભણતર લેવું અને દુનિયાદારીમાં થતા અનુભવોના પાઠ પણ લેવા. ૩. દરેક કામમાં તમારી તમામ મહેનત, તમારી પૂરેપૂરી પ્રતિભા નિચોવી દેવી - કંટાળાજનક કે અપ્રિય કામમાં પણ. અને ૪. ઢોળાઈ ગયેલા દૂધ પર ક્યારેય રડવું નહીં. પાઠ શીખવો, આગળ વધી જવું.'

એચ.બી.ઓ. ચૅનલના માલિક માયકલ ફ્રુશે કહ્યું : 'તમારી કોઠાસૂઝ પ્રમાણે આગળ વધવું. ટોળાને અનુસરવું નહીં. તમે જે છો તે જ બની રહો.' ઈલિનોયની ધ આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ શિકાગોના ચૅરમૅન માયકલ ફિલ્ડ એક નવી, ખૂબ ઉપયોગી વાત કહે છે : 'કોઈને પણ જવાબ આપતાં પહેલાં એમને પૂરેપૂરા સાંભળવા' આ વાત તદ્દન મામૂલી લાગશે પણ જરા વિચારો. મોટા ભાગના લોકો સામેની વ્યક્તિ બોલવાનું પૂરું કરે તે પહેલાં, હવે પછી પોતે શું બોલશે એના શબ્દો મનમાં ગોઠવવા માંડતા હોય છે. આને કારણે સામેની વ્યક્તિ ખરેખર શું કહેવા માગે છે એ સમજવાનું આપણે કેટલીય વાર ચૂકી જતાં હોઈએ છીએ.

જિમી બ્રાસલિન નામના લેખક અને કૉલમનિસ્ટે કહ્યું : 'પહેલી વાત એ કે ભાડું સમયસર ભરી દેવાનું અને બીજી વાત : તમે જે કંઈ કરો તે કરતાં પહેલાં તમારી જાતને પૂછી લો કે હું શા માટે આ કરું.' - **સૌરભ શાહ**

### લાયન્સ ગ્રુપ ઓફ વેસ્ટર્ન મુંબઈ

લાયન્સ ગ્રુપ ઓફ વેસ્ટર્ન મુંબઈના પ્રો.દીપક શુક્લ અને એમના સહયોગીઓની સન ૨૦૧૫ની Installation Ceremony મુંબઈમાં તા.૨૨-૨-૨૦૧૫ના રોજ યોજાઈ હતી. આ સેરીમનીમાં સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના ઉપપ્રમુખ અને શ્ર સર્જન યુવક સંઘના મંત્રી શ્રી જયકાન્તભાઈ મ. જોષી વિશેષ આમંત્રીત મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવમાં Cultural & Literary પ્રોગ્રામ રજૂ કરાયો હતો.

**ભરત પટેલ**
M (O) 09586826814

**દેવાંગ પંડયા**
M (O) 9879034149

**જે.કે.એન્ટરપ્રાઈઝ**
ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોંખડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
Email : dev_pandya1989@yahoo.com

## મહિલા ઉત્કર્ષ મંડળ, હિંમતનગર
## પર્યટન

મહિલા ઉત્કર્ષ મંડળના ઉપક્રમે તા.૨૨-૨-૨૦૧૫, રવિવારના રોજ ધાર્મિક દેવદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું 'સમાજ ટ્રસ્ટ' ના ટ્રસ્ટીઓ શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી હરિહરભાઈ વ્યાસ તથા ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચાણોદ, કુબેરભંડારી, અનસુયામંદિર, માલસર, ડોંગરેજી મહારાજ આશ્રમ, સંતરામ મંદિર વિગેરે ધર્મસ્થાનોના દર્શનનો લાભ યાત્રાળુઓએ લીધો હતો. મહિલા મંડળના અગ્રણીઓ ભારતીબેન પાઠક, કેલુબેન વ્યાસ, ફાલ્ગુનીબેન, દિશાબેન, હેમાંગીબેન, કૈલાસબેન, મહેશ્વરીબેન, પ્રતીક્ષાબેન પાઠક તથા અંતાક્ષરી માસ્ટર ભક્તિ રાવલ સંકળાયા હતા. કમલભાઈ ભટ્ટ તથા નીલેશ ઠાકર પણ સંકળાયા હતા. સમગ્ર પ્રવાસ દરમિયાન અંતાક્ષરીનું ખૂબ આકર્ષણ રહ્યું. આ અંતાક્ષરીમાં અમીતભાઈ ભટ્ટ, દીગંત ઠાકર, ભક્તિબેન રાવલ, હીરેન રાવલ, કેલુબેન વ્યાસ અને પ્રતિક્ષા પાઠક વિગેરે વિશેષ સહભાગી હતા આ અંતાક્ષરી પ્રવાસીઓને એક તાંતણે બંધાયેલા રાખ્યા. સહુનો એક જ સુર હતો જીત્યા કોણ ? જીત્યા કોણ, રમનારા સૌ જીતી ગયા. હાર્યા કોણ ? હાર્યા કોણ ? ઘેર બેઠા તે હારી ગયા. મહેશ્વરીબેન, કૈલાસબેન, ભારતીબેન અને કેલુબેન વિગેરેએ પ્રવાસમાં સંકળાયેલા સહુનો માન્યો હતો.

## ભોજનદાન

એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા.૫૦૦/- ભોજનદાનના અને શ્રી ભરતભાઈ રમણિકલાલ ભટ્ટ (આગલોડ-જેપુર) તરફથી રૂા.૧૫૦૦/- સ્વ.ધ્રુતિ અમિત ભટ્ટના સ્મરણાર્થે ભોજનદાનના શ્રી સર્જન યુવક સંઘને તાજેતરમાં પ્રાપ્ત થયા છે અને આ બંને ભોજનદાનના કુલ રૂા.૨૦૦૦/- હિંમતનગર સીવીલ હોસ્પિટલના દર્દીઓને સદવિચાર પરિવાર મારફત ભોજન અપાયુ છે.

## અનહદના અજવાળાં

**- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?'

જીવનમાં બધું જ અનિશ્ચિત લાગ્યા કરે છે. કાલે કોનું શું થશે એના વિશે કંઈ જ પણ કહી શકાય એમ નથી. ભાવિના ભેદ અકળ છે એ કંઈ સરળતાથી સમજાય તેવા નથી અને છતાં એ પણ એટલું જ સાચું છે કે બનવાકાળે બધું જ બન્યા કરતું હોય છે. બધું જ ભાગ્યમાં પૂર્વનિશ્ચિત હોય છે.

આ સકળ જગત દ્વંદ્વમય છે. જો મળવાનું પણ ભાગ્યમાં લખાયેલું હતું તો છૂટા પડવાનું પણ ભાગ્યમાં લખેલું જ હોય છે. રાત પડી એનો અર્થ છે કે દિવસ ઊગવાનો છે, સુખની સાથે જ દુઃખ જોડાયેલું છે. એ જ રીતે જન્મ લીધો એ જ પળથી મૃત્યુ પણ સુનિશ્ચિત હોય છે, બધું જ પૂર્વનિશ્ચિત છે અને છતાં બધું અનિશ્ચિત લાગ્યા કરે છે. ઈશ્વરનું સ્મરણ અને સદ્‌ગુરુનો સંગાથ જ આ અનિશ્ચિત અને નિશ્ચિતને ઓળખાવી આપે છે.

**લાગતું સઘળું અનિશ્ચિત.....**

કાલ કોનું શું થશે, એ કૈં જ પણ કહેવાય નહિ,
ભેદ ભાવિનો અકળ છે, કોઈને સમજાય નહિ,
થાય બનવાકાળ સઘળું, ભાગ્યમાં તો પૂર્વનિશ્ચિત...
લાગતું સઘળું અનિશ્ચિત...
જો હતું મળવાનું તો છૂટાય પડવાનું હતું,
રાતદિવસ, સુખ અને દુઃખ, દ્વંદ્વમય સઘળું થતું,
જન્મ લીધો એ જ પળથી, હા હતું મૃત્યુ સુનિશ્ચિત...
લાગતું સઘળું અનિશ્ચિત...

## પાઠ્ય પુસ્તકો - બુક બેંક

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે ગત શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૪ - ૨૦૧૫ની શરૂઆતમાં હિંમતનગર અને આસપાસના ગામોના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધો. ૮ થી ૧૨ના પાઠ્યપુસ્તકો આપવામાં આવેલ. તેઓ સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી છે કે પરીક્ષાઓ હવે પુરી થવાથી આ પાઠ્યપુસ્તકો તુરત જ હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોનઃઘરઃ (02772) 232882)ને પરત કરવા વિનંતી છે. હવે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની શરૂઆતમાં હિંમતનગર અને તેની આસપાસના ગામોના વિદ્યાર્થીભાઈ-બહેનોને ધો.૮ થી ૧૨ના પાઠયપુસ્તકો મેળવવા માટે હિંમતનગરમાં શ્રી હરિહારભાઈ પ્ર. વ્યાસ (ફોનઃ ઘર : (02772) 232882)નો સંપર્ક સાધવા વિનંતી છે.

**- આયોજક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ - હિંમતનગર**


**રસોઈ કામ માટે**
**જય અંબે કેટરર્સ**
**અનિરૂદ્ધ વાસુદેવ જપી**
ફોન : M (O) 9427803175
(O) 9725538987
**લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર**
**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**
**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્‌ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**



શુભેચ્છા સહ...
**સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ**
તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

# સુગંધભરી સ્મૃતિનો સાગર

## આઠમી સ્મરણાંજલિ











**સ્વ. શાંતાબેન રમણિકલાલ જોષી**

**(દાવડ)**

દેહોત્સર્ગ: તા. ૨૭-૩-૨૦૦૭, રામનવમી

**अविनाशी तु तिश्चिश्चि येन सर्वामिदं ततम् । विनाशमव्यवस्यास्य न कश्चित्कर्तुमर्हति ।।**

આ આત્મા આજન્મા, નિત્ય શાશ્વત અને પુરાતન છે, શરીરના ત્યાગ પછી પણ તે અવિનાશી છે.

**અવિનાશી આત્મા : અમારી ભાવભરી સ્મરણાંજલિ**

**સ્નેહની સરિતા સુગંધ સભર તમારી સ્મૃતિ આજેય અમને છે.**

**અમારી દૃષ્ટિમાં તમામ હસતો ચહેરો રજુ રમે છે.**

**અમારા અંતરમાં તમારી સ્મૃતિના ધબકારા સંભળાય છે.**

**અમારૂં રોમેરોમ તમારી હયાતીનું હુંફાળું સ્મરણ અનુભવે છે.**

**અશોક રમણિકલાલ જોષી**
**મનીષ રમણિકલાલ જોષી**
**પ્રિતિબેન જ્યોતિન્દ્રકુમાર આચાર્ય**
**કરૂણાબેન નરેશકુમાર ઠાકર**
**સૂર્યાબેન અરવિંદકુમાર વ્યાસ**
**કવિતાબેન કિર્તીકુમાર જોષી**
**આકાશ અશોક જોષી**



**સરોજ અશોક જોષી**
**સંગીતા મનીષ જોષી**
**જ્યોતિન્દ્રકુમાર દેવશંકર જોષી**
**નરેશકુમાર અંબાલાલ ઠાકર**
**અરવિંદકુમાર પ્રભાશંકર વ્યાસ**
**કિર્તીકુમાર રતિલાલ જોષી**
**ગીતા આકાશ જોષી**

**સેજલ ❖ હિતેશકુમાર - અમિતા ❖ ગૌરવકુમાર - પૂર્વિ**
**❖ પૂજા ❖ શ્રુતિ ❖ નચિકેત - શચિ ❖ અમરકુમાર - હિના ❖ ભદ્રેશકુમાર - સોનલ**
**❖ નીલેશકુમાર - રૂપલ ❖ અલ્કેશકુમાર - પૂનમ ❖ રાકેશ - ફાલ્ગુની**
**❖ જયકુમાર - ઉર્વિ ❖ વિપુલ - શ્રુતિ ❖ જનકકુમાર - દર્શના**
**❖ અન્વેશકુમાર - વિરલ ❖ પાર્થિવ - ઈશિતા**

# મહિલા ઉત્કર્ષ મંડળ

અને

## શ્રી સર્જન યુવક સંઘ ના

**સંયુક્ત ઉપક્રમે**

**૧૦૧ પોથી યજમાનથી**

# ભાગવત કથા પારાયણ સપ્તાહ

**નવેમ્બર / ડીસેમ્બર ૨૦૧૫**

**શુભસ્થળ**

**મુંબઈ**

**પ્રત્યેક પોથી યજમાનના રૂા.૭૫૦૦/-નું શુલ્કદાન**

**વધુ વિગતો માટે સંપર્ક**

સુશ્રી કીર્તીબેન જયકાન્ત જોષી / શ્રી જયકાન્ત મણીલાલ જોષી

(0) 9819621997

શ્રી સીધ્ધાર્થ શીવશંકર ઠાકર (0) 9619555053

સુશ્રી દર્શના સીધ્ધાર્થ ઠાકર (0) 9221207451

શ્રી વિનય કાન્તીલાલ જાની (0) 7738581057

શ્રી દક્ષેશભાઈ સુમનભાઈ ઠાકર / સુશ્રી હેમાબેન દક્ષેશભાઈ ઠાકર

(0) 9324915191

સુશ્રી આશાબેન પ્રકાશભાઈ ઠાકર (0) 9699718559

શ્રી પ્રકાશભાઈ રવિશંકર ઉપાધ્યાય (0) 9322795488

**નોંધ :**

**શ્રી સર્જન યુવક સંઘને અપાયેલ દાન ઈનકમ ટેક્ષ એક્ટ સેકશન ૮૦G અન્વયે ઈન્કમટેક્ષમાં દાતાને મજરે મળશે**

### નોટબુકો

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આગામી શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૫ - ૨૦૧૬ની શરૂઆતમાં આપણા વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સસ્તાદરથી અને જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં વિનામૂલ્યથી નોટબુકોનું વિતરણ કરવામાં આવશે. આ પ્રવૃત્તિનું આયોજન મે-૧૯૭૩થી (છેલ્લા બેંતાલીસ વર્ષથી) પ્રતિ વર્ષ શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે થાય છે. આ નોટબુકો ઉપર વિદ્યાદાનના સ્વરૂપે આપની અને અથવા આપશ્રીના પરિચિતોનું જાહેરાતદાન આપવા-અપાવવા સહુ શુભેચ્છક દાતાઓને વિનંતી છે. નોટબુકના બીજા કવર ઉપર Stripના રૂા.૧૫૦૦/- અને ત્રીજા કવર ઉપર Stripના રૂા.૧૦૦૦/- નું જાહેરાતદાન આપવા - અપાવવા વિનંતી છે.

### વિનંતી

**'પગથાર'** માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત્ સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક, વિવિધ સ્થળોએથી પત્રિકાઓથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી **'સર્જન-પગથાર'** ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર **'પગથાર'** માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

- શ્રી સર્જન યુવક સંઘ - પગથાર

### જીવત્સરા

**શ્રી ગજાનનભાઈ માધવરામ પંડયા** (વડાલી) અને તેમના પત્ની **સુશ્રી ઉષાબેન ગજાનનભાઈ પંડયા** (સ્વ.નાથાલાલ બળદેવરામ પાઠક (ખેડાવાડા)ની દીકરી)ની જીવત્સરા હિંમતનગરમાં તા.૧૬-૨-૨૦૧૫ના રોજ ઉજવાઈ હતી.

### પાણી પરબ



સુશ્રી અરૂણાબેન મનહરલાલ જોષી (આગલોડ) તરફથી **સ્વ.પદમાબેન હીરાલાલ પંડયા અને સ્વ.ધવલ અરવિંદભાઈ પંડયાના સ્મરણાર્થે** સીઝનમાં પાણીપરબ શરૂ કરવા માટે શ્રી સર્જન યુવક સંઘને રૂા.૬૦૦૦/- પ્રાપ્ત થયા છે અને તે અનુસાર ઉપરોક્ત સદગત્ સ્વજનોના સ્મરણાર્થે સંઘપુરમાં પાણીપરબ સીઝન માટે શરૂ કરાઈ છે આ પાણીપરબની વ્યવસ્થા શ્રી રાજેન્દ્રભાઈ મ. પંડયા સંભાળી રહ્યા છે.

### પાણીપરબ

**શ્રી સર્જન યુવક સંઘ**ના ઉપક્રમે ઉનાળાની ગરમીની સીઝનમાં ગામ કે ગામની સીમમાં પાણીપરબ શરૂ કરવામાં આવે છે. હવેના ઉનાળાની ગરમીમાં પાણીપરબ શરૂ કરવા સદ્ગત-સ્વજનની સ્મૃતિમાં શ્રેષ્ઠદાન કહેવાશે અને એમાં આપનું યોગદાન ઉપકારક નીવડશે અને તે માટે આપ સહુને સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે. પાણીપરબના સ્થળ માટે પણ આપ સુચન કરી શકો છો.


પાણીની સપાટી ઉપર પેદા થયેલા પરપોટા જીવનની નૌકાનો ભાર ઉપાડી શકતા નથી

# બત્રીસમી પૂણ્યતિથી

**તા. ૦૨-૦૩-૧૯૮૩**

## સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ

**ઉત્તર ગુજરાત - આગલોડ**



With your blessing, I will shoulder the responsibility of being a Dadaji, Bapuji, Beta, Nephew & Bhai. I Feel your presence because I can see your soul around my Dada, In my Dada - Not a breath without your throughts. A miracle I await to have you arround me. See a flicker in your eyes - be with us always.

❖ ❖ ❖

તમારા આશીષથી, દાદાજી, બાપાજી, બેટા, ભત્રીજા અને ભાઈના સ્વરૂપમાં હું જવાબદારી સંભાળીશ. તમારા સ્મરણ-વિચાર વિના મારા દાદા (પપ્પા) ની આસપાસ તમારા આત્માનો સદા સંગાથ હોય છે. મારી આસપાસ પણ તમારી ઉપસ્થિતિ રહે તેની પ્રાર્થના કરું છું. તમારી આંખોના પલકારા મને દેખાય છે જે સદા મારી સમક્ષ રહેશે

**દેવ દેવવ્રત ભટ્ટ અને પરિવાર**

**DEV DEVAVRAT BHATT & FAMILY**

## શતં જીવ શરદ

**(સર્જનના સભાસદો અને/અથવા 'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| | | |
|---|---|---|
| શ્રી કમલભાઈ વિદ્યાશંકર જાપી | સાચોદર | ૧૧મી માર્ચ |
| શ્રી ગીતાબેન હરેશભાઈ ઠાકર | પ્રેમપુર | ૧૧મી માર્ચ |
| શ્રી મુંજાલ હેમાંશુભાઈ જાપી | પ્રેમપુર | ૧૧મી માર્ચ |
| શ્રી કનકભાઈ મહેન્દ્રભાઈ ઠાકર | પેઢામલી | ૧૨મી માર્ચ |
| શ્રી નરેશભાઈ સન્મુખલાલ પંડયા | સંઘપુર | ૧૩મી માર્ચ |
| શ્રી અજયભાઈ પરીમલભાઈ જાપી | સાચોદર | ૧૫મી માર્ચ |
| શ્રી ડેની મહેશભાઈ જાપી | પ્રેમપુર | ૧૬મી માર્ચ |
| શ્રી રજનીકાન્ત પ્રહેલાદજી પંડયા | સંઘપુર | ૧૭મી માર્ચ |
| શ્રી અશોકભાઈ વાસુદેવ જોષી | મોયદ | ૧૭મી માર્ચ |
| શ્રી સુમનભાઈ ચુનીલાલ ઠાકર | પ્રેમપુર | ૧૮મી માર્ચ |
| શ્રી ચંદ્રવદન અંબાલાલ જાની | આગલોડ | ૧૮મીમાર્ચ |
| સુશ્રી રીટાબેન સુધીરભાઈ જોષી | દાવડ | ૧૮મી માર્ચ |
| શ્રી નીરવ અરવિંદભાઈ જોષી | ઈલોલ | ૧૯મી માર્ચ |
| સુશ્રી હર્ષાબેન ભૂપેન્દ્રભાઈ આચાર્ય | ઈલોલ-અમદાવાદ | ૧૯મી માર્ચ |
| સુશ્રી ભાવનાબેન સુનીલભાઈ જોષી | આગલોડ | ૨૧મી માર્ચ |
| શ્રી નૈનેશભાઈ જયદેવભાઈ જોષી | કડોલી | ૨૨મી માર્ચ |
| શ્રી અમર દિનેશભાઈ પંડયા | દેરોલ - મુંબઈ | ૨૨મી માર્ચ |
| શ્રી કેતન પ્રવિણચંદ્ર જુઠાણી | દાવડ - મુંબઈ | ૨૨મી માર્ચ |
| સુશ્રી સોનલ અતુલ દવે | પ્રેમપુર - ભુજ | ૨૩મી માર્ચ |
| શ્રી હેમંતભાઈ જીતેન્દ્રભાઈ જોષી | દાવડ | ૨૬મી માર્ચ |
| શ્રી હરિહરભાઈ ડાહ્યાલાલ ભટ્ટ | ઈલોલ | ૨૮મી માર્ચ |
| શ્રી ડૉ.કૌશીકભાઈ કનૈયાલાલ દવે | આગલોડ-મુંબઈ | ૨૮મી માર્ચ |
| શ્રી દીવ્યેશ મહેન્દ્રભાઈ ઠાકર | રંગપુર | ૨૯મી માર્ચ |
| કુ. નતાશા ભાર્ગવ જાની | દેરોલ | ૩૧મી માર્ચ |
| શ્રી અરવિંદભાઈ પ્રભાશંકર વ્યાસ | દેરોલ | ૧લી એપ્રીલ |
| શ્રી જનક કાન્તીલાલ પંડયા | જામળા | ૧લી એપ્રીલ |
| સુશ્રી ફાલ્ગુની ધર્મેન્દ્ર જોષી | એકલારા | ૩જી એપ્રીલ |
| સુશ્રી પ્રેરણા મીહીર જાની | દેરોલ | ૪થી એપ્રીલ |
| શ્રી પ્રશાંત ભાનુશંકર ભટ્ટ | આગલોડ | ૪થી એપ્રીલ |
| સુશ્રી વિભુતીબેન સંજયભાઈ પંડયા | સાંપડ-હિંમતનગર | ૬ઠ્ઠી એપ્રીલ |
| શ્રી જેયુશ કિરણભાઈ ઠાકર | બેરણા | ૬ ઠ્ઠી એપ્રીલ |
| શ્રી દેવાંગ નરેશભાઈ પંડયા | સંઘપુર | ૬ઠ્ઠી એપ્રીલ |
| સુશ્રી રજનીબેન અમુલભાઈ જોષી | આગલોડ | ૯મી એપ્રીલ |
| શ્રી દીપકભાઈ કપીલદેવ પાઠક | ખેડાવાડા | ૧૦મી એપ્રીલ |
| સુશ્રી જયલ કૃષ્ણાભાઈ વેંકટરાવ | દાવડ-મુંબઈ | ૧૦મી એપ્રીલ |
| સુશ્રી નીલામ્બરી આલોક જાપી | પ્રેમપુર | ૧૦મી એપ્રીલ |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન (**'સર્જન'**ના સભાસદો અને/અથવા **'પગથાર'**ના પેટ્રન-આધારસ્થંભ દાતા છે પણ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે **'સર્જન'**ના સભાસદોના અને/અથવા **'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થશે.** પગથારના પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા વિનંતી છે. )

## અગીયારસ વ્રતોદ્યાપન

**સુશ્રી ભટ્ટ મનોરમાબેન મુળશંકર** (આગલોડ)ની એકાદશી વ્રતોદ્યાપન વ્રતની ઉજવણી બેરણામાં આવેલ કંટાળેશ્વર હનુમાનજી મંદિરના આંગણે તા.૩૦-૧-૨૦૧૫ના રોજ કરાયેલ છે.

### શ્રી સર્જન યુવક સંઘ
### વિવિધ પારિતોષકો સન ૨૦૧૪

❑ વર્ષ દરમિયાન 'પગથાર'માં પ્રગટ થયેલ પદ્યકૃતિઓ અને ગદ્યકૃતિઓમાંથી શ્રેષ્ઠ પદ્યકૃતિ અને શ્રેષ્ઠ ગદ્યકૃતિને અલગ અલગ **રમણીકલાલ મણીલાલ જોષી પારિતોષિક** પ્રતિવર્ષ અપાય છે. સન ૨૦૧૪માં પ્રગટ થયેલ 'પગથાર'માં પ્રગટ થયેલ પદ્યકૃતિઓમાંથી પદ્ય 'કોયલ' શ્રેષ્ઠ પદ્યકૃતિ તરીકે પસંદ કરાયેલ છે અને એમ ગદ્યકૃતિઓમાં ગદ્ય 'મમ્મીનો સ્મૃતિ સાગર' શ્રેષ્ઠ ગદ્યકૃતિ તરીકે પસંદ કરાયેલ છે. આમ 'કોયલ' કવિતાના કવિ **શ્રી વસંતલાલ મોહનલાલ પંડયા** (આગલોડ) અને 'મમ્મીનો સ્મૃતિ સાગર' લેખના લેખક **સુશ્રી દર્શના અભિ દવે** (પ્રેમપુર)ને **રમણિકલાલ મણીલાલ જોષી પારિતોષિક** અલગ અલગ એનાયત થાય છે આ પારિતોષિક વિજેતા કવિ અને લેખકને આ પારિતોષિક ટૂંકમાં જ પહોંચાડાશે. 'કોયલ' કવિતા પગથારના નવેંબર ૨૦૧૪ માસના અંકમાં અને 'મમ્મીનો સ્મૃતિ સાગર' લેખ પગથારના સપ્ટેમ્બર ૨૦૧૪ માસના અંકમાં પ્રગટ થયેલ છે.

❑ વર્ષ દરમિયાન સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને **નર્મદાશંકર બળદેવરામ રાવલ પારિતોષિક** અપાય છે. આ ક્ષેત્રે **શ્રી હેમાંશુ સુમનભાઈ ઠાકર** (પ્રેમપુર) સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ, પ્રદાન માટે સન ૨૦૧૪નું આ **નર્મદાશંકર બળદેવરામ રાવલ પારિતોષિક** અપાય છે. આ પારિતોષિક ટૂંકમાં જ તેઓને પહોંચાડાશે.

❑ વર્ષ દરમિયાન વિવિધ જાહેર પ્રસંગોમાંના વિવિધ વક્તાઓમાંથી શ્રેષ્ઠ વક્તાને **સુશ્રી જશુમતીબેન સુમનભાઈ ઠાકર પારિતોષિક** અપાય છે આ ક્ષેત્રે **શ્રી પ્રણવ ગીરીશભાઈ શુક્લ** (ખેડાવાડા-જામળા) સન ૨૦૧૪નું આ **સુશ્રી જશુમતીબેન સુમનભાઈ ઠાકર પારિતોષિક શ્રેષ્ઠ વક્તા પારિતોષિક** એનાયત થાય છે. આ પારિતોષિક વિજેતા વક્તાને આ પારિતોષિક ટૂંકમાં જ પહોંચાડાશે.

## લગ્ન મંડપ

❑ સુશ્રી સુધાબેન તથા શ્રી વામનભાઈ જગન્નાથ દવે (આગલોડ-મુંબઈ)ના સુપુત્રી અને સ્વ.રતીલાલ હીંમતરામ ભટ્ટ (આગલોડ)ની દોહિત્રી **ચિ. અદિતિ**ના લગ્ન સુશ્રી હર્ષાબેન તથા શ્રી હરીશભાઈ બચુભાઈ દવેના સુપુત્ર **ચિ.જીમીત** સાથે મુંબઈમાં તા.૯-૨-૨૦૧૫ના રોજ લગ્ન થયાં છે.

❑ સુશ્રી સાવિત્રીબેન તથા સ્વ. અંબાલાલ પ્રભાશંકર પંડયા (સંઘપુર)ના સુપુત્ર **ચિ. વિપુલ**ના લગ્ન સુશ્રી ઈસાબેન તથા સ્વ.એબીયલ ફર્નાંડીસની સુપુત્રી **ચ.જ્યોસફીન (જીયા)** સાથે મુંબઈમાં તા.૨૩-૨-૨૦૧૫ના રોજ થયાં છે.

**'સમાજશક્તિ માતા'**

પ્રથમા માતા જન્મદાત્રી માતા
બીજી માતા ધરતી માતા
ત્રીજી માતા ભારત માતા
ચોથી માતા સમાજ માતા

**પડગા**

પડગા પડયા છે નિરંતમ શ્વાસોના ધબકારમાં
શોધતો ફરતો હતો આ દુન્યવી સંસારમાં
ભેટો થઈ ગયો એકાંતમાં ધબકારાના રણકારનો
મૂકામ મારૂં ખુદમાં હતું સમજણા ઉતરી મુજ વિશ્વાસમાં

**વિનોદભાઈ કે. ભટ્ટ**

।।શ્રી કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ।।



# ભાગવતાચાર્ય
# પ.પૂ. શાસ્ત્રીજી ભરતભાઈ જોષીની
# આગામી કથાઓ





| નં. | કથા | દિવસ | સ્થળ |
|---|---|---|---|
| ૧) | **શિવકથા** | તા.૦૯-૦૨-૨૦૧૫ થી તા.૧૬-૦૨-૨૦૧૫ | કાંદિવલી (વેસ્ટ) ગોકુલનગર |
| ૨) | **ભાગવતકથા** | તા.૨૪-૦૨-૨૦૧૫ થી તા.૦૩-૦૩-૨૦૧૫ | નૈમિશારણ્ય |
| ૩) | **ભાગવતકથા** | તા.૨૧-૦૩-૨૦૧૫ થી તા.૨૮-૦૩-૨૦૧૫ | દારેસલામ, તાન્જાનિયા |
| ૪) | **શિવકથા** | તા.૦૫-૦૪-૨૦૧૫ થી તા.૧૧-૦૪-૨૦૧૫ | ઈડર |
| ૫) | **ભાગવતકથા** | તા.૧૨-૦૪-૨૦૧૫ થી તા.૧૮-૦૪-૨૦૧૫ | નાસિક |
| ૬) | **ભાગવતકથા** | તા.૧૯-૦૪-૨૦૧૫ થી તા.૨૫-૦૪-૨૦૧૫ | બોરીવલી |
| ૭) | **ભાગવતકથા** | તા.૨૮-૦૪-૨૦૧૫ થી તા.૦૪-૦૫-૨૦૧૫ | દહિંસર |
| ૮) | **ભાગવતકથા** | તા.૧૧-૦૫-૨૦૧૫ થી તા.૧૭-૦૫-૨૦૧૫ | લુણાવાડા (પંચમહાલ) |

## સૌનો સાથ, સૌનો વિકાસ

**- અનંત કાંતિલાલ જાની**

આપણાં પરિવારમાં આપણે સામાજીક રીતે સરખા અને સમાન છીએ. પણ બધા આર્થિક રીતે અસમાન છે ઘણા ધનવાન છે તો ઘણાં બે ટાંટિયા ભેગા કરીને જીવતાં જીવતાં ઘણા આનંદ અને હર્ષ ઉલ્લાસમાં રહી ઉત્સવોમાં યત્‌કિંચિત ફાળો પણ આપે છે. સંજીવની યોજના સૌના સાથ સાથે સૌના લાભ માટે છે. તેમાં ઘણી ઉમદાભાવ અને મોટો ઉદ્દેશ્ય રહેલો છે. એકાએક કોઈ ચાલ્યો જાય તો જોડાએલા બાકીના દુ:ખદ સમયમાં તેના પરિવારની પડખે રહે છે. આમાં અરસ પરસનો લાભ છે. આપવાથી કોઈ ઉપકાર મળતો નથી. લેવામાં કોઈ સંકોચ થતો નથી. આ અરસ પરસને સાંકળતી અને જોડતી યોજના છે. ઘણાં વર્ષોથી તે ચાલે છે. ઘણી જગ્યાએ સંજીવની ઘણી જાણીતી અને ખૂબ માનીતી છે.

આશ્ચર્યની વાત એ છે કે ધનવાનોમાં એમના પરિવારમાં કોઈ મૃત્યુને ભેટવાના નથી. કમનશીબ સમય માટે તેમણે મોટો વીમો અને મેડિક્લેમ કરાવેલ છે. સંજીવનીમાં તેમને જોડાવાની કોઈ જરૂર લાગે તેમ નથી. ધનવાનો પોતાની મસ્તી અને આનંદમાં રહેતા હોવાથી સંજીવની પાછળનો ઉદ્દેશ્ય અને હેતુ તેમના ગળે ઉતરે તેમ નથી. સંજીવનીમાં જોડાએલા બધા સાધારણ અને પરમાર્થભાવમાં માનનારા જનો છે, જે અરસપરસને સહાયરૂપ થવા માંગે છે.

આપણી આજુબાજુ ઘણા વિધુરો છે. તેઓ બધા કોમળ, નાજુક, નમણા, આકર્ષક પ્રભાવી અને દેખાવડા નથી પરંતુ કરૂણા હયાતે પાત્ર અવશ્ય છે. સંજીવની બધાના ઉત્કર્ષ માટેની યોજના છે. તેમાં વિધવા કે વિધુર જેવા કોઈ ભેદ નથી. સંસ્થાના કાર્યકરો તો વિધવા સહાય માટે દાન એકત્ર કરવામાં માને છે તેઓ બધા સંજીવનીથી અડગા અને અલિપ્ત છે તેમને વિધવા સહાય સિવાય સંજીવની યોજનામાં યોગદાન આપવાની કોઈ સૂઝબૂઝ નથી. સંજીવનીને ધનવાનો પ્રારંભ કરી શકે તેમ નથી. એ માટે સમય અને કાર્ય કરવાનો અવકાશ જોઈએ. ઘણાં વર્ષોથી ચાલતી સંજીવની એક પારદર્શક અને સૌને ગળે ઉતરે એવી લાભદાયક યોજના છે. તે બધા વિવાદોથી પર અને ભેદભાવ વગર ચાલતી લાભદાયક યોજના છે. મનગમતાને આપવું અને અણગમતાને ટાળવું એવો કોઈ ભેદભાવ સંજીવની માટે બન્યો નથી અને બનશે પણ નહિં.

સંજીવનીમાં કોણ જોડાયું છે ? જે જન સ્વાર્થમાં નહિ પરંતુ પરમાર્થમાં માને છે. જે સૌના સાથ સાથે સૌનો લાભ ઈચ્છે છે. જેને પરિવાર પ્રતિ ઘણો પ્રેમ અને પરિવારનું શુભ થવાની હંમેશાં ઈચ્છા રાખે છે. પોતાને પરિવારને કપરા સમયમાં ટેકો મળે અને સર્વ કાજે કંઈક આહુતિ પ્રદાન કરવાની તત્પરતા રાખે એવા પરમાર્થીજીવ સંજીવનીમાં જોડાયા છે.

ધનવાન કાર્યકર્તા સ્વાર્થને લઈ સામાજિક સંસ્થામાં કાર્ય કરતો હશે તો તે અવશ્ય સંજીવનીથી અડગો અલિપ્ત રહેશે પરંતુ તેમાં સેવાનો પરમાર્થક ભાવ હશે તો અગર તેમાં જોડાઈ નહિ શકે તો પણ તેમાં પોતાના તરફથી અવશ્ય યોગદાન કરશેજ.

## જ્ઞાતિ પરિભ્રમણ
## માનવ મંદિરમાં સાથે રહેતા બે ભાઈ

**- વસંતલાલ મોહનલાલ પંડયા**

માનવ મંદિરમાં સાથે રહેતા બે ભાઈ
એકનું નામ દિલ બીજાનું દિમાગ ભાઈ
વિદ્યાનગરીમાં રજાઓ પડી પરિણામ આવ્યું ભાઈ
દિમાગે દિલને પૂછયું કયા નંબરે આવ્યો છે ભાઈ
દિલ કહ્યું પ્રેમમાં બીજા નંબરે આવ્યો છું ભાઈ
હવે દિલે દિમાગને પૂછયું તું કયા નંબરે આવ્યો ભાઈ
દિમાગે કહ્યું ચતુરાઈમાં ત્રીજે નંબરે આવ્યો છું ભાઈ
ઘરમાં ગમતું નથી ચાલને ફરવા જઈએ ભાઈ
સાબરનદીના અગસ્ત નગરીથી શરૂઆત કરીએ ભાઈ
પહેલાં તો આપણે અગસ્ત દાદાના દર્શન કરીએ ભાઈ
સીધા જઈએ ખખડધજ ગામ કડોલી ગામ ભાઈ
સામે કિનારે પુરાણુ નવરાત્રીધામ પેઢામલી ભાઈ
વાટ જોયા વગર આગળ ચાલ તુંને હું ભાઈ
જો પેલું જુનું પુરાણું મુનપુર ગામ દેખાય ભાઈ
ઉમંગે ચાલતા મસ્તી કરતા દિલને દિમાગ ભાઈ
એવામાં દૂરથી રંગ જેવું દેખાતુ રંગપુર ગામ ભાઈ
તેમાં રહેતા ઠાકર ભાયડા ખુશ મિજાજી ભાઈ
વાતો વાગોળતા આગળ વધ્યા જીવોને જીવાડતું જીવાપુર ભાઈ
પગ આગળ વધતા ગયાને પ્રેમરૂપી પ્રેમપુર પહોંચ્યા ભાઈ
અહીં અનેક રંગી માણસો વસે છે. બ્રાહ્મણ કિસાન ભાઈ
કમરકસી સુંદર મકાન બનાવ્યાં એવા ઠાકર પરિવાર ભાઈ
આગળ જતાં ખેતરમાં ઉંદરનું દર દેખાયું, પાછળ જોયું તો સાચોદર ભાઈ
પાછળ જોયું તો વડ પાસે ઊભું હતું દાવડ ગામ ભાઈ
દાવડથી ઉપડયા ઉત્તરભણી ત્યાં દેખાય દેશોત્તરગામ ભાઈ
દેશોત્તર જોયુંને દિમાગે કહ્યું ચાલને આગળ ભાઈ
સામે એકલવાયયું ગામ દેખાય છે તે છે એકલારા ગામ ભાઈ
દિલ ચાલ એકલારાથી બસમાં બેસી જઈએ ભાઈ
બસમાંથી જો જરા સામે જામળા ગામ છે ભાઈ
જામળાના ડુંગલો છે રળિમણાને સુંદર છે ભાઈ
આ સર્વે વાગોળતા પહોંચ્યા ઈડર નરેશ નગરી ભાઈ
ઈડર ઈડર શું કરે છે ચાલને ઉમેદપુરા ગામ ભાઈ
ઉમેદપુરામાં માતાજી વસે છે એમને મલીએ ભાઈ
ડુંગરોની ખીણમાં રહેતાં માતાજી અહીં ભાઈ
ચાલ હવે અહીંથી હિંમતનગર તરફ જઈએ ભાઈ
હિંમતનગરથી ચાલ ઈલોલ જઈએ ભટ્ટ બ્રાહ્મણ ને મલીએ ભાઈ
ઈલોલથી આપણે ખેડાવાડાના ખાડા વાડા જોઈએ ભાઈ
નીચે ઉતર જરા પ્રભુ ધારેશ્વરનાં દર્શને ગયા બેઉ ભાઈ
ચાલતાં ચાલતાં દેરોલ આવ્યું છે તે જો ભાઈ
દેરોલ ગયા બ્રહ્મપુરી જોઈ હરખાયા બંને ભાઈ
દેરોલથી નીકળી નદી તટ પર દશામાનાં દર્શન કરીને ગયા બંને ભાઈ
ત્યાંથી ગયા સંઘપુરમાં બ્રાહ્મણ ભાવસાર જોઈ હરખઘેલા બન્યા ભાઈ
ચાલને ભાઈ ઘણું ફર્યા હવે જઈએ આપણા ગામ ભાઈ
આખા સમાજમાં ફર્યા, જોયું અમે કેવું કર્યું
છેલ્લે પહોંચ્યા અમારા ધામ બંને ભાઈ
ઠીક છે જો પેલા રહ્યા મણિભદ્રવીર દાદા, કાળીમા જોતો જા ભાઈ

Rough, Rugged, Rare

SHIVA APPARELS

Iqbal Compound, Pathan Wadi, Behind Air India Staff Bldg.,
Rani Sati Marg, Malad (E), Mumbai - 400 097.

## શ્રી સર્જન યુવક સંઘ
## તાજેતરમાં સાંપડેલ દાનની સ્વીકાર નોંધ

**દાનની રકમ — દાનની વિગત અને દાતાનું નામ**

**પગથારના આધારસ્થંભ - પેટ્રનદાતા**

૫૦૧ સુશ્રી ઉપાધ્યાય નલીનીબેન શંકરલાલ (બેરણા)
૫૦૧ સુશ્રી જોષી રેખાબેન વિષ્ણુભાઈ (દાવડ)
૫૦૧ સુશ્રી બધેકા ઈલાબેન જનાર્દનભાઈ (મુંબઈ)
૫૦૧ શ્રી જોષી સાગર ભાર્ગવભાઈ (આગલોડ)
૫૦૧ સુશ્રી જોષી પલક સાગર (આગલોડ)
૫૦૧ સુશ્રી જોષી શીતલ રોનક (આગલોડ)
૫૦૧ શ્રી શુકલા અજય જયંતિલાલ (અમદાવાદ)
૫૦૧ શ્રી ગૌર બીપીનભાઈ

**આજીવન સભાસદ ફી ફંડ**

૨૦૧ શ્રી ભટ્ટ પ્રશાંત ભાનુશંકર (આગલોડ)
૨૦૧ શ્રી ભટ્ટ શૈલેન્દ્ર ભાનુશંકર (આગલોડ)
૨૦૧ શ્રી પંડયા બીપીનચંદ્ર કાન્તીલાલ (કડોલી)
૨૦૧ સુશ્રી જોષી પૂર્ણિમાબેન દીપકભાઈ (આગલોડ)
૨૦૧ સુશ્રી ભટ્ટ નયનાબેન પ્રદીપભાઈ (આગલોડ)
૨૦૧ શ્રી ભટ્ટ ધર્મેશ પ્રદીપભાઈ (આગલોડ)
૨૦૧ સુશ્રી ભટ્ટ દર્શના ધર્મેશ (આગલોડ)
૨૦૧ શ્રી જાની પ્રતિક વિનયભાઈ (દેરોલ)
૨૦૧ શ્રી જાની દુષ્યંત મહેશભાઈ (આગલોડ)
૨૦૧ શ્રી ઉપાધ્યાય પ્રકાશ રવિશંકર
૨૦૧ સુશ્રી ઉપાધ્યાય આશા પ્રકાશ

**પગથાર - લવાજમ**

૧૦૫ શ્રી ભટ્ટ કૌટીલ્ય ભાનુશંકર (આગલોડ)

**શિક્ષણ ફંડ**

૫૦૧ શ્રી પંડયા ભરતભાઈ હરીહરભાઈ (આગલોડ મેસણ)

**મદદ-ડોનેશન**

૧૫૦ શ્રી ભટ્ટ રાકેશભાઈ રતીલાલ (આગલોડ)
૧૦૧ શ્રી રાવલ ભાનુમતીબેન નાનાલાલ (સાચોદર)
૧૦૦ શ્રી જોષી મહેશભાઈ ચુનીલાલ (આગલોડ)
૧૦૦ સુશ્રી મહેતા રાજશ્રીબેન ચીતનભાઈ (જામળા-મુંબઈ)
૨૦૦ શ્રી ઉપાધ્યાય પ્રકાશભાઈ રવિશંકર (કડોલી)
૨૦૦ શ્રી ડાૅ. ઉપાધ્યાય જગદીપભાઈ રવિશંકર (કડોલી)

**અશોક ર. જોષી / સરોજ અ. જોષી સહાય યોજના ફંડ**

૧૧૦૦૦ શ્રી અશોક ર. જોષી અને સુશ્રી સરોજ અ. જોષીના લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠ પ્રસંગે શ્રી જોષી આકાશ અ. તથા સુશ્રી ગીતા અ. તરફથી ફંડમાં ભેટ

આ સર્વ શુભેચ્છકદાતાઓનો સંસ્થા આભાર માને છે.

### 'દિકરી'

જ્યારે જ્યારે જન્મ લે છે દિકરી! આનંદ સાથે લાવે છે. દિકરી!
ઈશ્વરની ભેટ છે, દિકરી! સવારનું પહેલું કિરણ છે દિકરી!
તારાઓની ઠંડીલહેર છે, દિકરી! આંગણાનું પક્ષી છે દિકરી!
ત્યાગ અને સમર્પણ શીખવાડે છે, દિકરી!
નવા નવા સંબંધો બનાવે છે, દિકરી!
જેન ઘેર જાય ત્યાં પ્રકાશ ફેલાવે છે, દિકરી!
વારે વારે યાદ આવે છે, દિકરી!
દિકરીની કિંમત તેમને પૂછો જેમની પાસે નથી દિકરી!







દુર્વેસ (પાલઘર) ગામમાં સિધ્ધિવિનાયક મુર્તીની પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં તા.૨૬-૧-૨૦૧૫ના રોજ યોજાયો હતો. આ દિવસે સિધ્ધિવિનાયકની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા માતુશ્રી જસુમતીબેન રમણિકલાલ પંડયા (કડોલી) પરિવારના વરદહસ્તે યોજાઈ હતી. આ પ્રસંગે શ્રી ધર્મેન્દ્રભાઈ અ. વ્યાસ અને શ્રી ગજાનનભાઈ ર. પાઠક વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દુર્વેશ એક આદિવાસીજનોનું ગામ છે અને બોરીવલીથી ત્યાં જવા માટે ત્રણ બસની વ્યવસ્થા કરાઈ હતી. પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ પછી મહાપ્રસાદ યાત્રાળુઓને અપાયો હતો અને તે પછી યાત્રાળુઓને મહાલક્ષ્મી (દહાણુ)ના દર્શન કરાવ્યા હતા. સુશ્રી જશુમતીબેન તથા સર્વ યાત્રાળુઓને ગ્રામજનોએ બેન્ડ, ફટાકડા, લેજીમથી અને પારંપારિક વેશભુષામાં સ્વાગત કર્યું હતું.

### મહિલા ઉત્કર્ષ મંડળ - મુંબઈ
**તપોવન ગગનગીરી આશ્રમ, મનોર**

શ્રી સર્જન યુવક સંઘ અને મહિલા ઉત્કર્ષ મંડળના સંયુકત ઉપક્રમે તા.૮-૨-૨૦૧૫ના રોજ તપોવન ગગનગીરી આશ્રમ મનોરી અને પેગોડા (બુધ્ધ સ્થાપત્ય)ની મુલાકાતનું અભ્યાસ દર્શનની યાત્રા યોજાઈ હતી. આ દર્શનયાત્રામાં સંકળાયેલા સહુ વહેલી સવારે ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી, મુંબઈમાં એકઠા થયા હતા. અને યાત્રાનો પ્રારંભ થયો હતો. આ યાત્રા દરમિયાન ભોજન પ્રસાદ, રમતગમત અને વાર્તાલાપના કાર્યક્રમો યોજાયા હતા. યાત્રાળુઓને ભોજન, અલ્પાહાર વિગેરે અપાયા હતા. મહિલા ઉત્કર્ષ મંડળને મહિલાઓના ઉત્કર્ષ માટેની આ પ્રવૃત્તિમાં રૂા.૪૦૦૦/-નો શ્રી સર્જન યુવક સંઘ તરફથી સહયોગ અપાયો હતો. સુશ્રી હેમાબેન તથા દક્ષેશભાઈ સુમનભાઈ ઠાકરે પણ આ આયોજનમાં વિશિષ્ઠ સહયોગ આપ્યો હતો.

#### લઘુરૂદ્ર પૂજા

આપણા પરિવારમાં મહિલા ઉત્કર્ષ મંડળ બહેનોમાં જાગૃતી અને ઉત્સાહ જોશ જળવાઈ રહે એવી અનેક પ્રવૃત્તિ કરતું આવ્યું છે. તેમાં સરળતા, નિખાલસતા અને પ્રકૃતિક ભાવ હંમેશા દ્રષ્ટિગોચર થતો રહ્યો છે. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ અને મંગળવારે બપોરે નિયત સમયે ગંગાબેન જપી હોલમાં સાઈઠ કરતાં વધારે બહેનો પોતાની સાથે આસન, શિવલીંગ અને પૂજાપો લાવી હતી સૌ પ્રથમ એક હજાર ગાયત્રી જાપથી વાતાવરણને પવિત્ર અને દિવ્ય બનાવી. વિદુષી નારી હેમાબેન દક્ષેશભાઈ ઠાકરની આગેવાની હેઠળ ગણપતી અને શિવપૂજન અને પંચામૃત પૂજા બાદ મહિમ્ન સ્ત્રોત્ર, મૃત્યુંજયમંત્ર અને પંચાક્ષરી મંત્ર દ્વારા લઘુરુદ્રનો પ્રયોગ કર્યો હતો. અંતે સર્વેએ ફળાહાર કરી ભક્તિભાવમાં તરબોર થયા હતા.


With Best Compliments From :



ARYANIVAS
VEGETARIAN RESIDENTAL HOTEL
KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

## અભિનંદન



કુ.ઈશ્વા પ્રેરક દેસાઈ

સુશ્રી હેના તથા શ્રી પ્રેરક દેવકભાઈ દેસાઈ (દેરોલ-વડોદરા)ની સુપુત્રી અને સુશ્રી ભક્તિબેન અજીતભાઈ જાની (દેરોલ)ની દોહિત્રી **ચિ.ઈશ્વા** તરણ સ્પર્ધાઓમાં સતત અગ્રેસર રહી છે. તાજેતરમાં જાન્યુ.૨૦૧૫માં પોરબંદર ખાતે યોજાયેલ National Sea Swimming સ્પર્ધામાં (ઉમર ગ્રુપ ૧૪ થી ૪૦ વર્ષ)માં બીજા સ્થાને આવી છે અને ફરી તેણે સમગ્ર ગુજરાતનું અને આપણું ગૌરવ વધારેલ છે. ઈશ્વાએ આ પહેલા State Leval School Game સપ્ટેમ્બર ૨૦૧૩માં ૨૦૦ મીટરની તરણ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યુ હતું. નવેમ્બર ૨૦૧૪માં Navy Day નીમીત્તે Colaba Beach ખાતે All India Open Sea Swimming સ્પર્ધાનાં એક કલાકમાં ૬૦૦ મીટરનું અંતર પુરૂં કર્યું હતુ. આ પહેલાં જાન્યુઆરી ૨૦૧૪માં પોરબંદરમાં યોજાયેલ Open Gujarat Sea Swimming (Age Group ૧૪-૪૦ વર્ષ)નાં ૫૦૦ મીટર સ્પર્ધામાં બીજું સ્થાન તેણે મેળવ્યું છે. ઈશ્વા આ સફળતા માટે તેણી અર્ચના ફોઈ તેમજ આનંદકાકાને શ્રેય આપે છે. વડીલોના આશીષને પણ શ્રેય આપે છે અને તે સહુને પ્રણામ કરે છે. તા.૨૨-૨-૨૦૧૫ના રોજ ગોવા ખાતે National Sea Swimming સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ તેણે કરેલ હતુ અને આ ૨૫૦ મીટરની સ્પર્ધામાં તેને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું. ઈશ્વા ૫૦૦૦ મીટરની સ્પર્ધામાં ૧૧૦૦ સહભાગીઓએ ભાગ લીધો હતો અને તે સ્પર્ધામાં ચિ.ઈશ્વાએ છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું. ઈશ્વાને આ વિરલ સિધ્ધિ માટે આપણા સહુના આશિષભર્યા અભિનંદન.



કુ.માસુમ મીલનભાઈ રાવલ

સુશ્રી નીલમબેન તથા મીલનભાઈ રમણલાલ રાવલ (પ્રેમપુર)ની સુપુત્રી **ચિ.માસુમ**એ Bachelor of Science Nursing માં તાજેતરમાં પ્રથમ વર્ગમાં ૬૬.૪૪% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. માસુમ ઉચ્ચ અભ્યાસ માટે M.Sc. (Nursing) માટે Australia અભ્યાસ માટે જવા મહેચ્છા ધરાવે છે.



ચિ.નીલ ગૌરવ ત્રીવેદી

સુશ્રી પૂર્વિબેન તથા શ્રી ગૌરવભાઇ અનીલભાઈ ત્રીવેદી (ઓડા)ના સુપુત્ર અને શ્રી અશોકભાઈ રમણિકલાલ જોષી (દાવડ)ના સુપુત્ર **ચિ.નીલ**એ તાજેતરમાં English Story Telling Compitation & Saying 5 Sentences on his best Friend in English Compitationમાં દ્વિતિય અને પ્રથમ સ્થાન અનુક્રમે મેળવ્યું છે. ચિ.નીલ અત્યારે નાસીકમાં Sr.K.G. માં અભ્યાસ કરે છે.

❒ સુફી અને રોમાન્ટીક ગીતો *Sajda Tera* ના નામથી સીડી તાજેતરમાં પ્રગટ કરાઈ છે આ CD માં પ્રસિધ્ધ મ્યુઝીક ડિરેક્ટર અને સીંગર સંકળાયેલા છે અને તેના શ્રી મયુરભાઈ જાની પ્રોડ્યુસર છે. આ સીડી મેળવવા માટે શ્રી મયુરભાઈ જાની (ફોન M (0) 9820379102) નો સંપર્ક કરવા વિનંતી છે.

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઇ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

## દેહોત્સર્ગ

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !

પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.



**સ્વ.જયંતિલાલ મગનલાલ જોષી**

❒ **જયંતિલાલ મગનલાલ જોષી** (દાવડ, ઉ.વ.૬૯, સુશ્રી મનોરમાબેનના પતિ, શ્રી પ્રયાગરાજ, સુશ્રી ભાવિકા પ્રદીપભાઈ જપી (પ્રેમપુર), સુશ્રી જસ્મિના હીરેનભાઈ ભટ્ટ (આગલોડ) તથા સુશ્રી પુનમ જતિનભાઈ ઉપાધ્યાય (બેરણા) અને સ્વ.શારદાબેન તથા સ્વ. દયાશંકર જેઠીરામ જોષી (ઈલોલ)ના જમાઈ)નો દાવડમાં તા.૨૩-૨-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ થયો છે.

જયંતિલાલ મ.જોષીના પવિત્ર આત્માની શાંતિ અર્થેની પ્રાર્થનાસભા દાવડમાં તા.૧-૩-૨૦૧૫ના રોજ યોજાઈ હતી અને ત્યારે **"સર્જન-પગથાર"** ના હાલના કાર્યવાહકો અને પૂર્વ કાર્યવાહકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ **"સર્જન-પગથાર"** તરફથી સ્વ.જયંતિલાલ મ.જોષીને પુષ્પ અર્પણ કર્યા હતા અને સ્વર્ગસ્થ સાથેના સ્મરણો યાદ કરીને તેમના સ્વજનોને સાંત્વના આપી હતી.

## યજ્ઞોપવિત્ સંસ્કાર

❒ સુશ્રી બિનીતાબેન તથા શ્રી ભાર્ગવભાઈ ભાનુભાઈ જોષી (ઈલોલ)ના સુપુત્ર **ચિ.સોહમ**ને અમદાવાદમાં તા.૧૬-૧-૨૦૧૫ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.

❒ સુશ્રી તૃપ્તીબેન તથા શ્રી મેહુલભાઈ બીપીનભાઈ જોષી (સંઘપુર-મુંબઈ)ના સુપુત્ર અને શ્રી રમેશભાઈ પહેલાદજી પંડયા (સંઘપુર)ના સુપુત્ર **ચિ.દેવ**ને ઈસંડ (કલોલ)માં તા.૨૯-૧-૨૦૧૫ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.

❒ સુશ્રી અર્ચનાબેન તથા શ્રી દિવ્યાંગ નરેન્દ્રભાઈ ઠાકર (પેઢામલી-મુંબઈ)ના સુપુત્રો અને શ્રી સુરેન્દ્રભાઈ ત્રીકમલાલ ઠાકર (પેઢામલી)ના દોહિત્રો **ચિ.ઋષીલ** અને **ચિ.હર્ષીલ**ને મુંબઈમાં તા.૯-૨-૨૦૧૫ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.

❒ સુશ્રી ધારિણીબેન તથા શ્રી મીલનભાઈ ભૂપેન્દ્રભાઈ જોષી (ઈલોલ)ના સુપુત્ર **ચિ.દેવાંશુ**ને અમદાવાદમાં તા.૯-૨-૨૦૧૫ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.

**ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘરે જજો. જે રિસાય તેને રીઝવજો, એ બધું તમારા ભલા માટે કરજો ! જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.**

**–ગાંધીજી**

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month

**PAGHTAR (12)**
**March - 2015**

R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2014-16

## સુવર્ણજયંતિ ઉત્સવ





સુશ્રી સરોજબેન અશોકભાઈ જોષી અને શ્રી અશોકભાઈ રમણિકલાલ જોષી (દાવડ)ના લગ્નજીવનનાં ૫૦ વર્ષ અને સુશ્રી પ્રિતિબેન જ્યોતિન્દ્રભાઈ આચાર્ય અને શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવશંકર આચાર્ય (દેરોલ) લગ્નજીવનનાં ૫૦ વર્ષ થતાં તા.૨૮-૧-૨૦૧૫ના રોજ અને તા.૫-૨-૨૦૧૫ના રોજ અનુક્રમે મુંબઈમાં ઉજવાયાં હતા. આ ઉત્સવ પ્રસંગે પરિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું હતું અને તેઓ સહુએ યુગલ પરિવારોને શુભેચ્છાભર્યા અભિનંદન આપ્યા હતા.

## ગોપી ગીત




વૃંદાવન ધામ ને નીતાય ગૌર્ય મઠ તરફથી ગોપીગીત સપ્તાહ યોજાશે. આ ગોપીગીત સપ્તાહ પ્રેમપુરી આશ્રમ, પાંચમા માળે, બાબુલનાથ, મુંબઈમાં તા.૨૧-૩-૨૦૧૫ થી ૨૮-૩-૨૦૧૫ દરમિયાન દરરોજ સાંજે ૩ થી ૭ યોજાશે. આ ગોપીગીત સપ્તાહ દરમિયાન Musical Spiritual Realm અનુભવાશે અને તે ભક્તિરત્ન સાધુ મહારાજ રજૂ કરશે. ભક્તિરત્ન સાધુ મહારાજ પૂર્વાશ્રમમાં શ્રી વશિષ્ઠભાઈ ભારદ્વાજ ઠાકર (પ્રેમપુર)ના સુપુત્ર છે અને એ અભ્યાસમાં IIT માં Gold Medalist છે.

## વિનંતી

આપ શ્રી સર્જન યુવક સંઘ - પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી વેસ્ટ મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચથી કરાવી ધન ભરી શકશો આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર રકમ વિગેરે વિગતો જણાવવા વિનંતી છે અથવા તે બેંક સ્લીપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે.

## પ્રેરણા સ્રોત

અધુરપ સ્વપ્નોને જન્મ આપે છે. જાગતાં સ્વપ્ન સેવવાની માણસની વૃત્તિ વિચારોના પરિબળોથી અલગ હોય છે. જેને સ્વપ્ન નથી તે માણસ નથી; એમ પણ આપણે કહી શકીએ. સ્વપ્નો વિચારના આધારમાંથી પણ સર્જાય કે તેનાથી સાવ જુદી રીતે કે દીશામાં પણ રસ્તે રઝળતો માણસ મહેલમાં રહેવાનું સ્વપ્ન જોતો હોય છે. મહેલમાં રહેતો માણસ ચક્રવર્તિ સમ્રાટ થવાનું સ્વપ્ન જુએ છે. એક સાધક ધ્યાનમાં એકાગ્રતા આવે ત્યાર બાદ પરમ તત્વની અનુભૂતિનાં સ્વપ્ન જોતો હોય છે. આ વિચારશક્તિની એષણાઓ, મહત્વાકાંક્ષાઓ કે અભિપ્સાઓની વાત તો છે જ; પણ એનાથી આગળના પ્રદેશોની શક્યતાઓ પણ એમાં ધરબાયેલી પડેલો છે. કશુંક અણદીઠ, નહી વિચારેલું પામવાની; નહીં અનુભવેલું અનુભવવાની; પ્રાપ્ત ન થઈ હોય તેવી સ્થિતી પામવાની ઝંખના એવું બધું હોય છે. ઘણાં સ્વપ્નોને કોઈ પણ આધાર જ નથી હોતો. કોઈ અજાણી ભોમકાની જાણે કે એ ચીજ હોય છે. જે નથી દેખાતું કે અનુભવાતું તેવી કોઈક અજાણી યોજનો કે ઘટનાની તેમાં ઝાંખી થતી હોય છે.

એક વિજ્ઞાનીને કુદરતનું કોક રહસ્ય ઉકેલવાની ઝંખના કે એક યોગીને અંતરના ઊંડાણમાં ચેતના અને સમાધિનું કોઈક નવું જ સ્તર અનુભવવાની અભિપ્સ એ આવા સ્વપ્નના પ્રતાપે હોય છે.

**અને છેલ્લે**

લોભ એક દરિયો છે, જેમાં સચ્ચાઈ અને ઈજ્જત બંને છેક પાતાળ સુધી ડૂબી જાય છે.

If undelivered return to:

**PAGTHAR**

**Gujarati - Monthly**

**SHRI SARJAN YUVAK SANGH**

6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay AmratlalVyas.